
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૦
અંક : ૭

## Accreditation of the Shikshan Ane Samaj Kalyan Kendra under Desirable Norms



Certificate Of Accreditation

CREDIBILITY ALLIANCE

Is Pleased To Declare That

SHIKSHAN ANE SAMAJ KALYAN KENDRA

in the State of GUJARAT

Adheres To The Desirable Norms Prescribed For Good Governance Of Voluntary Organisations

Certificate Registration No. CA/12/2018 Valid From: 28/06/2018 to 27/06/2023

CHAIRPERSON
Central Accreditation Committee

EXECUTIVE DIRECTOR

### ક્રેડીબીલીટી એલાયન્સ

પોતાની વિશ્વસનીયતાના સંદર્ભે સ્વૈચ્છિક સંસ્થાઓએ કોઈ એક્રેડીટેશન પ્રોસેસમાં આવવું જરૂરી માન્યુ. શરૂમાં ઘણી સંસ્થાઓએ ક્રેડીટીબીલીટી એલાયન્સના લઘુતમ ધોરણ અપનાવ્યા આગળ જઈ ડીઝાયરેબલ નોર્મ્સ પણ અપનાવવા શરૂ થયા. જેથી સંસ્થાની કાર્યશૈલી બદલી, સંસ્થાઓને પોતાના કાર્યના પ્રોગ્રેસ રીપોર્ટ, હિસાબો નિયમિત મળતા થયા. સંસ્થાઓએ પોતાના વાર્ષિક અહેવાલ પ્રસિદ્ધ કરવાનુ શરૂ કર્યુ કે જેનાથી લોકોને સંસ્થાની પારદર્શકતા તથા ઉતરદાયિત્વનો પરિચય થયો. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ શરૂઆતથી જ લઘુતમ ધોરણ અને ત્યાર બાદ વર્ષ ૨૦૧૨ થી ડીઝાયરેબલ નોર્મ્સ અપનાવેલ છે.

**આપણા જીવન કરતા સંસ્કૃતિ મહત્વની છે.**

**જંતુનાશકોના ઉપયોગમાં સાવચેતી.**

કૃષિ ક્ષેત્રે જંતુનાશક, ફૂગનાશક અને નિંદામણનાશક દવાઓનો ઉપયોગ કૃષિ ઉત્પાદનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ખેતીપાકો, શાકભાજી, બાગાયત વગેરે માંથી કયું એવું ક્ષેત્ર છે કે જેમાં જંતુનાશક દવાનો ઉપયોગ થતો નથી. તેથી કૃષિ ક્ષેત્રે વપરાતા જંતુનાશકોના ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવા જેવી વાતો તેમજ સાવચેતીઓ તરફ વધારે લક્ષ્ય આપવાની આવશ્યકતા છે. જેમ કે જંતુનાશક દવા ખરીદતા પહેલા તેના પેકિંગ પર લખેલી સમય મર્યાદા, સાવચેતી તેમજ ઉપયોગ કરવાની રીતને વાંચ્યા બાદ જ તેનો ઉપયોગ કરવો. જંતુનાશક દવાઓને બાળકોની પહોચથી દુર રાખવી જોઈએ. પાલતું જાનવરો અને ગેરજીમ્મેદાર લોકોથી પણ આ જંતુનાશક દવા દુર રાખવી જોઈએ. માણસ કે પશુઓને ખાવા પીવાની વસ્તુઓ જંતુનાશક દવાથી દુર રાખવી જોઈએ. કોઈપણ સ્પ્રેપંપની નોઝલમાંથી શ્વાસ ખેચી કે ફૂંક મારી સાફ કરવી નહી.

જંતુનાશકના ઉપયોગ દરમ્યાન હાથ પર પ્લાસ્ટીકના મોજા પહેરવા જોઈએ. મોઢા પર અને નાક પર કપડું બાંધવું જોઈએ. તેમજ આંખ પર ચશ્માં પહેરવા જોઈએ. જંતુનાશક દવાનો છંટકાવ કરનાર વ્યકિતના શરીર પર કોઈપણ પ્રકારની ઈજા કે ઘા ના હોવા જોઈએ. જંતુનાશક દવાના પેકીંગને ફાડીને કે મોઢામાં નાખીને ન ખોલવું પરંતુ તેને ધીમેથી છરી અથવા બ્લેડ વડે ખોલવું જોઈએ. દવાનો ઉપયોગ કર્યા બાદ હાથને સાબુથી સરખી રીતે ધોવા જોઈએ.

જંતુનાશક દવાનો છંટકાવ કરનાર વ્યકિતના શરીરના શ્વાસોશ્વાસ દ્વારા તથા તેમના શરીર પરના છિદ્રો દ્વારા દવાની જો અસર જણાઈ તો તરત નજીકના ડોકટર પાસે જવું જોઈએ. દવાનો છંટકાવ કરનાર વ્યકિતને તાવ કે અન્ય બીમારી ન હોવી જોઈએ. તે થોડી થોડી વારે છીંકતો ના હોવો જોઈએ. દવાનો છંટકાવ કરતી વખતે છંટકાવ કરનાર વ્યકિત પર ન પડે અથવા શ્વાસની સાથે તેમના શરીરમાં ન જાય તેનુ ધ્યાન રાખવું.

જંતુનાશકનો ઉપયોગ કરતા સમયે ખેડુત મિત્રોએ એ વાત પર ખાસ ધ્યાન આપવું કે આ જંતુનાશક દવાની ભલામણ કરવામાં આવેલ હોય અને તેની માત્રા નક્કી કરેલ હોય તે મુજબ છંટકાવ કરવો. રોકડીયાપાક, શાકભાજી, બાગાયત પાકો, ફૂલો વગેરે લગતી ખેતીને સબંધિત માહિતી પુસ્તિકાઓ ઉપયોગમાં લેવી. કૃષિ સાથે સંકળાયેલ સંસ્થાઓ દ્વારા આયોજીત કૃષિ મેળામાં જઈને અથવા કૃષિ યુનિવર્સીટીના સ્થાનિક સંશોધન કેન્દ્રો તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પર જઈને સબંધિત પુસ્તિકાઓ મેળવવી જોઈએ.

— **કીશન વાળા**

***મુઠ્ઠો ભરો તો રેતી છે, અને વાવતાં રહો તો ખેતી છે.***

**કૃષિ વ્યવસાય**

કૃષિનો વ્યવસાય પુરાતન કાળથી ચાલ્યો આવે છે. એટલે જ કહેવાય છે કે કૃષિ સંસ્કૃતિ એ ઋષિકાળ જેટલી પુરાણી છે. નોબલ પ્રાઈઝ વિજેતા પ્રો. નાર્મન બોર્લોગએ ૧૯૬૬–૬૭ માં હરીયાળી ક્રાંતિની શરૂઆત કરી જેનો ઉદેશ્ય સિંચાઈ, બિનસિંચાઈ ખેતીમાં આધુનિક ટેકનોલોજીથી વધુ પાક ઉત્પાદન કરવાનો હતો. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે દેશમાં આજે ૪૦૦ કૃષિ ફાર્મ, રાષ્ટ્રિય બીજ નીગમ, નેશનલ કોપરેટીવ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી. હાલ કૃષિ અને સંબંધિત વિષયમાં ઉચ્ચ શિક્ષણ માટે ચાર કૃષિ યુર્નિવસિટી, ૩૯ રાજય કૃષિ યુર્નિવસિટી ઈમ્ફાલમાં એક સેન્ટ્રલ યુર્નિવસિટી અને કૃષિ સંશોધન માટે ભારતીય કાઉન્સીલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ જેમાં ૫૩ સેન્ટ્રલ ઈન્સ્ટિટયુટ, ૩૨ નેશનલ રિસર્ચ સેન્ટર્સ, ૧૨ પ્રોજેકટ ડિરેકટર, ૬૯ ઓલ ઈન્ડિયા કોઓર્ડિનેશન રિસર્ચ પ્રોજેકટ સહિત દેશમાં ૫૨૭ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર છે.

ભારતીય અર્થતંત્રમાં મોટા ભાગનો હિસ્સો ખેતી સાથે જોડાયેલો છે. કૃષિ ક્ષેત્રે સુધારા લાવવા છતાં ખેડુતોને પર્યાપ્ત ઉત્પાદન અને તેમની આવકમાં વધારો થતો નથી જેથી તેની અસર GDP માં થાય છે. દેશના અર્થતંત્રમાં અગાઉ જે હિસ્સો આ ક્ષેત્રનો હતો જે આજે ખુબ ઓછો થયો છે. જેના કારણે માત્ર કૃષિ આધારિત આવક ધરાવતા પરિવારો પોતાના જીવન નિર્વાહ માટે સતત પરેશાની ભોગવી રહયા છે.

એસએસકેકે અને હરીરાજના કાર્યકરો તથા આ બંને સંસ્થાઓએ પ્રમોટ કરેલી ચાર પ્રોડયુસર કંપનીઓ ખેડૂતોની આ પરિસ્થિતીમાં બદલાવ આવી શકે તે માટે પ્રયાસો કરી રહી છે. તેઓ ખાતર, બિયારણ, જંતુનાશકો તેમજ પાયાના પરીબળોમાં યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડે છે. સંસ્થાના ડાયરેકટર થી લઈ કૃષિ જુથલીડર તેમજ જુથના ખેડુત સભ્યો ખેતીમાં કેવી રીતે ઓછા ખર્ચમાં વધુ આવક મેળવી શકે તે માટે સતત પ્રયત્ન કરે છે. તાલીમ મીટીંગોમાં પાણીના કાર્યક્ષમ ઉપયોગ કરવા પિયત માટે માટલા પધ્ધતિ, ટપક, ફૂવારા, એક પાટલે પિયત વિ. પધ્ધતિઓના ઉપયોગને પ્રોત્સાહને, મિત્ર કીટકોના બચાવ માટે જંતુનાશકો તરીકે નીમ ઓઈલનો ઉપયોગ, પોતાની સલામતી માટે દવાનો છંટકાવ દરમ્યિાન, ચશ્મા પહેરવા, મોં પર કપડું બાંધવું, હાથ મોજા પહેરવાની કાળજી લે. ખેડૂત તથા ખેતમજુરોના બાળકો શાળામાં હોય તેની ખાત્રી કરે છે. પર્યાવરણ નુકસાન કરતા પરિબળો કે તેઓને કુદરતી સંશાધનોની જાળવણીમાં, આર્થિક ઉપાર્જન, પોતાની જીવન શૈલી કે આરોગ્ય પર થતી અસરોમાં તેને ઓળખવામાં મદદ કરે છે.

***– સંકલન : પીનલ જસાણી***

***આળસી માણસનું વર્તમાન અને ભવિષ્ય હોતુ નથી.***

## સંકલિત રોગ અને જીવાત નિયંત્રણ

વાવણી પછી ખેડુતોને હવે રોગ/નિયંત્રણ પરેશાન કરશે. જેને ધ્યાનમાં લઈ સંસ્થાનાં કાર્યકરોની TOT (તાલીમકારોની તાલીમ) તા.૧૩.૦૭.૧૮ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ખાતે યોજાઈ હતી. આ તાલિમમાં સંસ્થાના ૪૦ કાર્યકરોએ તાલિમ લીધી હતી. તાલીમકાર તરીકે ડો. નિલેષ જોષી, શ્રી પિનાકીન પ્રજાપતી, ડો. મહેશભાઈ પટેલ તથા શ્રી પ્રિતીબેન જયસ્વાલએ સેવાઓ આપી હતી. કોટન કનેકટના પ્રોગ્રામ મેનેજર શ્રી સમીર પંડિતે સમગ્ર તાલીમનું સંચાલન કર્યુ હતુ.

કપાસના પાકમાં આવતી જીવાતો તથા રોગના નિયંત્રણ માટે આગતરૂ આયોજન કરવા ખેડુતોની તાલીમ કરવાની થાય તે માટે કાર્યકરોને આ તાલીમ દરમ્યાન તેમને ઉપયોગી થાય તેવી વિગતો આપવામાં આવી હતી. આ મીટીંગમાં જૈવિક ખાતરો બનાવવાની રીતો શીખવવામાં આવી. કૃષિ યુનિવર્સિટીની ભલામણ અનુસાર રાસાયણિક ખાતર તથા જંતુનાશકોના ઉપયોગ કરવાની બાબતોમાં ખેડૂતોની સમજ બનાવવા જરૂરી કુશળતાઓ કેળવવા માટે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. સંસ્થાના તમામ કાર્યકરોએ પોતાના કાર્યક્ષેત્રમાં જઈ આ ટેકનીકલ તાલીમ ખેડૂતોને આપવા માટે આયોજન કર્યુ હતુ.




**આદર બધાને આપો આત્મા કોઈ એકને આપો.**

## સ્ટાફ મીટીંગ

તા.૧૪.૦૭.૧૮ ના રોજ સ્ટાફ મીટીગ યોજવામાં આવેલી હતી. જેમાં ગત મીટીગની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવામાં આવી હતી. ટીમના સભ્યોની જવાબદારી અને ભૂમિકાની સમીક્ષા કરવામાં આવી. જરુરી સુધારાઓ સુચવ્યા તે મુજબ અમલ કરવા નોંધ લેવામાં આવી હતી. એમપીઆર, કયુપીઆર, મંથલી રીપોર્ટ અને વીકલી પ્લાન પર ચર્ચા થઈ આ બધા પીરીયોડીકલ સમયસર તૈયાર કરવા અને યોગ્ય સ્થળે મોકલવા સુચના આપવામાં આવી હતી. સંસ્થાના સાથીઓ જે કોઈ તાલીમ મીટીંગમાં સામેલ થયા હોય તેમના અહેવાલ તેઓએ રજુ કર્યા. સંસ્થાના કાર્યોને અનુરૂપ નવી પ્રપોઝલો તથા અગાઉ કરેલ પ્રપોઝલોનું ફોલોઅપ. ગત મીટીંગમાં કરેલ આંતરિક મુલ્યાંકનના પરિણામો પર ચર્ચા થઈ. એફપીઓ કામકાજનું સ્ટેટસ અને આગામી નવ માસનું આયોજન કરવા સીઈઓને જણાવ્યુ. મુલાકાતી તથા અભ્યાસ માટે આવેલ વ્યકિતઓની વિગતો રજુ થઈ. કૃષિ સંશાધન કેન્દ્રોની અસરકારકતા, એફએફબી તેમજ તાલીમ મીટીંગ રજીસ્ટર અન્વયે પ્રગતી ચકાસી. એલઈપી, એલઆરસી અને શાળાશાસન વ્યવસ્થા પર ચર્ચા થઈ.બીયારણની વિવિધ જાતો બને છોડ તથા હારના અંતરને ધ્યાનમાં લઈ થયેલ નિદર્શનો પર જાણકારી મેળવી.



**જેણે તમને મોટા કર્યા તેમની સામે કયારેય મોટા ના થતા.**

**Exposure visit**

On 27th June, approximately 26 people were invited for an exposure visit at VNKC factory plant at Dholka, Ahmedabad.

These people can be distinguished as FPO officials, CEOs, BODs and Cluster Officers from Talaja, Dhokadva, Bhatiya, Mangrol, Kodinar and Rajula. The visit started with the plant head Mr. Mehul leading the visitors to show how raw peanuts are converted into roasted peanuts

The first peanut comes into stoner where the covering of groundnut is removed. Then it goes into opener where smaller peanuts are differentiated from the bigger one. Then it goes for grading and according to their quality are stored in their silos. And at the last sent to the sortex. This process is not 100% efficient & hence gets manually differentiated.

For roasting, the peanuts are first filled in the feeder & then these are transferred Stoner where stones & bolts get separated from the peanuts. Then it goes for roasting, where the peanuts are treated at three different temperatures i.e. 100, 110 & 120-degree centigrade. After this it moves through the blancher where the red coating on the peanut is removed. Then peanuts are moved through the sortex where peanuts of the good structure are removed from the other ones.

Then the bad part is again taken for re-sorting. Once the peanut passes through this process it then 36 female workers, each hired at 650 rupees a day, manually removes any bad peanut if left. The reject peanuts are sold to the oil mills. As it can be seen the entire process is fully automized. After this the selected peanuts are taken to the value addition unit where they are separated into slices, cut into pieces, powdered, flavors are added to it & packaged in an airtight plastic. Finally, two such packets of 25 Kg each are put in cardboard containers. And then it is exported outside India to Europe, US, Arab countries, etc. The red coating separated from blancher is sold to the factories as a fuel for huge boilers.

After taking through the entire packaging process, the visitors had a personal meeting with Manufacturing Head of VNKC Mr. Vipul & Processing head Mr. Maulik. During the meeting various points were discussed about their expectations, why they are focusing on FPOs and what would be their quality param

eters.

For quality the parameters set by them are as follows;

1. Out of 100, 40 to 50 should be of a good full size weighing 28 and a half Gram (out of 100 gram of raw peanuts with their shells).
2. There should be no use of Aflatoxin (still the expected amount after all contingencies is 4 to 8 ppm).
3. The moisture content should be 5 to 6 percent.
4. It should have an oil content of 48 -57 percent.
5. The seed quality used should be G20.

During the meeting the VNKC heads told that earlier they used to buy from traders but now they are focusing on FPOs for procurement since a part of the margin went to these traders as commission. If they will procure it directly from farmers through FPOs then it would be beneficial for both VNKC & the farmers. During the meeting discussion on new G-22 seed also took place which is resistant to fungal also asked about building a database through which FPOs can analyze how the changes in certain factors like rainfall have an effect on the production of groundnut. They also discussed how selling through Fair Trade can be beneficial for the farmers & what are its benefits. They told that they are planning to purchase from 200 villages. But they demanded a sample of the crop before going on for any trade with the visitors. They also suggested that if villagers can provide groundnut kernels after removing the shell covering, then they can go ahead to provide a better rate for their produce.

On interviewing with farmers & FPO officials after the meeting, it could be found out that they were positive about the ideas discussed but agreed on the fact that bringing such a change at initial level won't be easy. This change can be started from few farmers & then if others see benefits the others will join in. Moreover, removing the shells of groundnut at home won't be easy since it is a cumbersome job & farmers need to employ additional labor for this.

But certainly, the exposure created the curiosity among visitors & could be considered an important aspect of shifting towards fair trade.

**- Yogendra Umreliya**

વિશ્વને તમારા કામથી જ મતલબ છે, વિચારોથી નહિ.

**Happy Birthday**

| | |
|---|---|
| Tajgi Sagarka | 08.08.1999 |
| Lalubhai Ramu | 22.08.1994 |
| Kishan Solanki | 25.08.1997 |

**In this month**

3&7 Two Planning session for my change plan with Vinay Mohan Verma by Zoom.

13 IPDM ToT for team orgnise by cotton connect, CSPC, SSKK and Hariraj.

14 Staff meeting at Amreli

17-18 First audit of fairtrade budiness throgh Avirat - document verification and field visit at Pachpachiya.

22 Followup visit to Leprosy colony Junagadh

25 Staff training on Pradhan Mantri Fasal Bima Yojna

25-31 Campaign on PMFBY in Amreli, Babra and Dhari block

24 Planning meeting with project team 14 & 27 at Timbi in farm house of LG farmers.

24-25 IPDM refresher training, knowlage test of team Project 45 & 46 team.

31 BoD meeting of Sorath FPO.

**ફેસબુક** : હું બધાને ઓળખું છું

**ગૂગલ** : મારી પાસે બધી જ માહિતી છે.

**ઈન્ટરનેટ** : મારા વગર તું કંઈ જ નથી.

**ચાર્જર** : કોને ચરબી ચડી છે.....

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**માતાનું હદય બાળકની પાઠશાળા છે.**